જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૦૯/૨૦૧૮ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૬૮૮/૧૮

## એક વર્ષથી પેરોલ જમ્પ કરી નાસતા ફરતા ખુન ના કેસના આરોપીને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ,

ગુજરાત રાજય ના ડી.જી.પી શ્રી દ્વારા ગુજરાત રાજ્ય ના પેરોલ ફર્લો જમ્પ થયેલ આરોપીઓને શોધી કાઢવા સારુ ડ્રાઇવ રાખવામા આવેલ જે આધારે અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રી નાઓના સુચન અને માર્ગદર્શન આધારે ક્રાઇમ બ્રાન્ચનાં નાયબ પોલીસ કમિશ્નરશ્રી દીપન ભદ્રન તથા ઇન્ચાર્જ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એસ.એલ.ચૌધરી નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં નાસતા ફરતા આરોપીઓ તથા પેરોલ ફર્લો જમ્પ આરોપીઓને શોધી કાઢવા સારુ ક્રાઇમ બ્રાંચના અધિકારીઓને સુચના આપેલ. જે અનુસધાને ક્રાઇમ બ્રાંચના પોલીસ ઇન્સ્પેકટર શ્રી બી.પી.રોજીયા તથા પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી એસ.જે.જાડેજા તથા શ્રી એસ.બી.દેસાઇ તથા શ્રી આઇ.એસ.રબારી તથા સ્ટાફ્નાં માણસો ને મળેલ બાતમી હકિકત આધારે તૌસીફ ઉર્ફે જબ્બા S/O રજબભાઇ જાતે શેખ ઉવ. ૨૭ રહે. હાલઃ- આર.સી.સી ડુપ્લેક્ષ, કેનાલ પાછળ, ફતેવાડી, સરખેજ, અમદાવાદ શહેર તથા અલ્લાનગર ના છાપરા, રહેમતી મહોલ્લા, બહેરામપુરા, અમદાવાદ શહેર નાને તા.૩૧/૦૮/૨૦૧૮ ના રોજ ઝડપી પાડેલ છે.

પકડાયેલ આરોપીની પુછપરછ કરતા જણાવેલ કે પોતે અગાઉ સને ૨૦૧૬ મા પોતાના સાગરીતોને જુગાર રમવાના પૈસા બાબતે ઝઘડો થતા પોતાના મિત્ર ને મારમારતા તેઓ સાથે મળી જમાલપુર બ્રિજ નીચે ખલીલ કુરેશી નામના ઇસમને ચપ્પુના ઘા મારી ખુન કરેલ જે કેસમા પોતાના સાગરીતો સાથે કાગડાપીઠ પોલીસ સ્ટેશનમા પકડાય ગયેલ બાદ સાબરમતી સેન્ટ્રલ જેલમા કાચા કામના કેદી તરીકે જેલમાં હતો તે દરમ્યાન એક વર્ષ પહેલા પોતે નામદાર હાઇકોર્ટમાંથી દિન-૭ ના વચગાળાના જામીન ઉપર છુટેલ બાદ પરત જેલમા હાજર થયેલ નહીં અને આજદિન સુધી ફરાર હોવાનુ જણાવેલ જેથી સદરી આરોપીને ડીટેઇન કરવામાં આવેલ છે. અને સદરી આરોપીને અમદાવાદ શહેર સાબરમતી મધ્યસ્થ જેલમાં સોપવાની તજવીજ કરવામાં આવેલ છે.

**આરોપીનો ગુનાહીત ઇતિહાસ:-**

પકડાયેલ આરોપી અગાઉ છએક વર્ષ પહેલા દાણીલીમડા પોલીસ સ્ટેશનમા ખુનની કોશિષ ના ગુનામા પકડાયેલ છે તેમજ સને-૨૦૧૬ કાગડાપીઠ પોલીસ સ્ટેશનમાં ખુનના ગુનામા પકડાયેલ છે.

**<u>અડચણરુપ કારને ટ્રાફીક શાખા દ્વારા મારેલ સરકારી લોક સાથે કાર લઇને ભાગી જનાર ઇસમને પકડી ગુનાનો ભેદ ઉકેલતી ક્રાઈમ બ્રાન્ચ. અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ.</u>**

ગઇ તા.૧૮/૮/૧૮ ના રોજ પ્રેમ દરવાજા ખાતે ટ્રાફીક શાખા દ્વારા ઈન્ડીકા કારનં- જીજે-૦૬ એ.ટી-૭૭૩૪ની તેના ચાલકે અડચણરુપ રીતે પાર્ક કરેલ હોય, જે કારને સ્થળ ઉપર ટ્રાફીક શાખા દ્વારા ગેરકાયદેસર પાર્કીંગ હોવાથી સરકારી લોક મારી ડીટેઈન કરવામાં આવેલ. બાદ સદર કારના ચાલક દ્વારા, આ કારમાં મારેલ સરકારી લોક તોડી નાખી જે સરકારી લોક સહીત કાર લઈને આરોપી નાશી જતા ટ્રાફીક શાખાના એલ ડીવીઝન પો.સ્ટે.ના હેડ કોન્સ. રણવીરસિંહ શ્રીરામકરણ નાઓએ ભાગીજનાર કાર ચાલકના વિરૂધ્ધમાં માધુપુરા પો.સ્ટે. ખાતે માધુપુરા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુરનં-૧૧૯/૨૦૧૮ ઈપીકો કલમ ૩૭૯ મુજબનો ગુન્હો દાખલ કરાવેલ,

સદર બનાવમાં ફોરવ્હીલ ડીટેઇન કરવાનું સરકારી લોકની ચોરી થયેલ હોય જે બાબતે માધુપુરા પો.સ્ટે. તરફથી સઘન પ્રયત્નો હાથ ધરવામાં આવતા કાર ચાલક તથા સરકારી લોક મળી આવેલ ન હોય, જેથી સદર બાબતે તપાસ કરવા સારૂ શ્રી દીપન ભદ્રન, નાયબ પોલીસ કમિશ્નર, ક્રાઈમબ્રાન્ચ તથા શ્રી એસ.એલ.ચૌધરી ઇન્ચાર્જ મદદનીશ પોલીસ કમિશ્નર, ક્રાઈમબ્રાન્ચ નાઓના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સપેકટરશ્રી જે.એન.ચાવડા નાઓના સ્કોડના પો સ ઈ શ્રી આર.પી.ડોડીયા નાઓએ તેઓના સ્ટાફના માણસોની ટીમ સાથે રાખી ઉપરોક્ત ગુન્હામાં નાશી જનાર વાહન ચાલકની તપાસ હાથ ધરેલ અને ઉપરોક્ત ગુન્હો કરનાર આરોપી મહમંદ આસિમ ગુલામ એહમદ શેખ ઉ.વ.-૨૨ રહે-૪,મિસ્કાત ફલેટ, ઈબ્રાહીમ મસ્જીદ પાછળ, ૧૦૦ ફુટ રીંગ રોડ, અંબર ટાવર પાસે, જુહાપુરા અમદાવાદ નાને વિશાલા સર્કલ ખાતેથી ઉપરોક્ત ચોરીમાં ગયેલ સરકારી લોક સાથે પકડી લઇ માધુપુરા પો.સ્ટે. તરફ આગળની તપાસ સારૂ મોકલી આપેલ છે.



સરખેજ પોલીસ સ્ટેશનઃ

મે.સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,"એમ" ડિવીઝન સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અત્રેનાંસરખેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મીલ્કત સબંધી ગુન્હાઓ અટકાવવા તથા શોધવા સારુ અત્રેનાં સર્વેલન્સ સ્કોર્ડનાં સ્ટાફનાં માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ માં હતા દરમ્યાન બાતમી હકીકત આધારે એકતા હોટલ સામે જાહેર રોડ ઉપરથી સરખેજ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં-૧૨૫/૧૮ ઇપીકો કલમ ૩૭૯ મુજબનાં કામે ચોરીમાં ગયેલ રોયલ એનફીલ્ડ બુલેટ કિ,રૂ,૯૦૦૦૦/- ની મત્તા સાથે પકડી અટક કરી તેની વધુ પુછપરછ દરમ્યાન પાલડી પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં-૭૫/૧૮ ઇપીકો કલમ ૩૭૯ મુજબનાં ગુન્હાનાં કામે ચોરી કરેલ રોયલ એનફીલ્ડ બુલેટ કિ,રૂ,૯૦૦૦૦/-ની મત્તાનો મુદ્દામાલ કબ્જે કરી જે બન્ને ગુન્હાઓ અત્રેનાં સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ગુન્હાઓ શોધી કાઢી સદરી આરોપીને તા.૩૦/૦૮/૨૦૧૮ નાં કલાક ૧૮/૦૦ વાગે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

મે.સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,"એમ" ડિવીઝન સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અત્રેનાંસરખેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂ તથા જુગારની પ્રવુતી અટકાવવા તથા શોધવા સારુ અત્રેનાં સર્વેલન્સ સ્કોર્ડનાં સ્ટાફનાં માણસોએ અત્રેનાં સરખેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ સરખેજ શાંતીપુરા સર્કલ પાંચા તળાવ લક્ષ્ય સ્કુલ સામે,ખુલ્લા ખેતરમાંથી પૈસા પાનાથી હારજીતનો જુગાર રમતા બાર ઇસમોને રોકડ નાણા રૂ.૧૫૫૪૦૦/- તથા મોબાઇલ ફોન નંગ-૯ કિ,રૂ,૧૨૫૦૦/- તથા વાહન નંગ-૩ કિ,રૂ.૧૩૦૦૦૦/- મળી કુલ્લે કિ,રૂ ૨૯૭૯૦૦/- ની મત્તાનાં મુદ્દામાલ સાથે તા.૨૯/૦૮/૨૦૧૮ નાં કલાક ૧૯/૦૦ વાગે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

## વેજલપુર પોલીસ સ્ટેશન

સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર ૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એમ" ડીવીઝન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અસામાજીક પ્રવુતી અટકાવવા સારુ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અન્વયે પોલીસ ઈન્સ્પેકટર એ.વી.પટેલ તથા સાથેના સ્ટાફના માણસોએ અત્રેના વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા તથા અમદાવાદ શહેર વિસ્તારમા મિલ્કત સંબંધી ગુનાઓમા સંડોવાયેલ મુનીર અહેમદ ઉર્ફે ફૈઝલ ઉર્ફે માનીયા સ/ઓ નાશીરહુસેન શેરખાન વણઝારા (શેખ) ઉ.વ.-૨૩ રહે:- ૫૬/૪, મ્યુનીશીપલ સ્ટાફ ક્વાર્ટસ, લાલા કાકા હોલની સામે, શાહપુર, અમદાવાદ શહેર નાઓના વિરુધ્ધમા મિલ્કત સંબંધી ગુનાઓ નોંધાયેલ હોય સદરી આરોપી વિરુધ્ધ પુરાવા એકત્ર કરી મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર સમક્ષ પાસા દરખાસ્ત સાદર કરતા તેઓ સાહેબે પાસા હુકમ ક્રમાંક:- પીસીબી/ડીટીએન/પાસા/૮૦૩/૨૦૧૮ તા.૩૧/૦૮/૨૦૧૮ થી હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને આજરોજ તા.૩૧/૦૮/૨૦૧૮ ના ક્લાક ૨૧/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી "રાજકોટ મધ્યસ્થ જેલ" ખાતે પાસા અટકાયતીને જરુરી જાપ્તા સાથે મોકલી આપવા તજવીજ કરવામા આવેલ છે તા.૩૧/૦૮/૨૦૧૮

## એલીસબ્રીજ પોલીસ સ્ટેશન

મે.સંયુક્ત પો.કમિ.શ્રી સેક્ટર- ૧ તથા મે.ના.પો.કમિ.શ્રી ઝોન- ૭ તથા મ.પો. કમી. શ્રી "એન" ડિવીઝન નાઓએ પો.સ્ટે. વિસ્તારમાં મીલકત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ વણ શોધાયેલ ગુના શોધી કાઢવા આપેલ સુચના અન્વયે આજરોજ અમો તથા પો.સ.ઈ એમે.એમ.સિન્ધી તથા પો.કો સંતોષ દિનેશચંન્દ્ર તથા પો.કો સુરેશભાઇ રેવાભાઇ તથા પો.કો મોમાભાઇ ગોરધનભાઇ બ.નં- ૪૭૩૯ તથા પો.કો દિનેશકુમાર શંકરભાઇ બ.નં- ૪૭૬૯ નાઓ સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.કો સંતોષ દિનેશચંન્દ્ર બ.નં- ૪૭૩૬ તથા પો.કો સુરેશભાઇ રેવાભાઇ બ.નં- ૧૩૦૭૭ નાઓને સંયુક્ત બાતમી મળેલ કે પાલડી પો.સ્ટે ફસ્ટ.ગુ.ર.નં- ૭૮/૨૦૧૮ ઈ.પી.કો કલમ ૪૫૭, ૩૮૦ મુજબના કામે ઘરફોડ ચોરી કરનાર ઈસમો બે ઈસમો સોના ચાંદીના દાગીના તથા રોકડા રૂપીયા લઇને પગે ચાલતા એન.આઈ.ડી સર્કલ થી જમાલપુર તરફ નિકળનાર છે જે હકીકત આધારે ઉપરોક્ત ઈસમોની વોચમાં હતા દરમ્યાન બાતમીવાળા ઈસમો આવતા તેઓને રોકી જડતી તપાસ કરતાં સુરેશ કિરીટભાઇ ગૌસ્વામી ઉવ.૨૮ રહે.મ.નં.૨૨ કુંભાર વાસ કોચરબગામ એલીસબ્રીજ અમદાવાદ શહેર નાનો હોવાનુ જણાવેલ તેમજ બીજા ઇસમનું નામઠામ પુછતા પોતે પોતાનુ નામ અખતરહુસેન મહંમદભાઇ શેખ ઉવ.૪૮ રહે.મ.નં.૫૭૭ પરમાર વાડો બોઇઝ હાઇસ્કુલની સામે મેનાબેન ટાવર ચાર રસ્તા ધોળકા અમદાવાદ નાઓની અંગજડતી તપાસ કરતાં સોના ચાંદીના દાગીના તથા રોકડ રૂપીયા ૧૫,૫૦૦/- મળી કુલ્લે રૂપીયા ૧,૭૩,૭૦૦/- નો મુદ્દામાલ મળી આવતા ઉપરોક્ત બન્ને આરોપીને ઉપરોક્ત ગુનાના કામે અટક કરેલ છે. અને આગળની તપાસ કરતાં ઉપરોક્ત આરોપીઓ પૈકી આરોપી.

(૧) અખતરહુસેન મહંમદભાઇ શેખ ઉવ.૪૮ રહે.મ.નં.૫૭૭ પરમાર વાડો બોઇઝ હાઇસ્કુલની સામે મેનાબેન ટાવર ચાર રસ્તા ધોળકા અમદાવાદ નાનો અગાઉ એલીસબ્રીજ પો.સ્ટે ફસ્ટ.ગુ.ર.નં- ૬૨૮/૨૦૧૦ ઈ.પી.કો કલમ ૩૯૨, ૧૧૪ મુજબના કામે ગુનામાં સંડોવાયેલ છે. જે બાબતે સદરી ઇસમના વિરૂધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

# મીલકત સબંધી ગુનાના આરોપીઓને પકડી પાડતી

## મેઘાણીનગર પોલીસ

પોલીસ કમિશ્નર સાહેબ શ્રી તથા અધિક પો.કમી.સા.શ્રી સેકટર-૨ સાહેબ તથા ના.પો.કમી શ્રી ઝોન-૪ સાહેબ તથા મ.પો.કમી.શ્રી "જી" ડીવીઝન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના તથા સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી પી.જી.સરવૈયા મેઘાણીનગર પો.સ્ટે.નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડ ના પો.સ.ઈ વી.એસ.સિંધવ તથા મ.સ.ઇ.દિલીપભાઇ ઇશ્વરભાઇ બ.નં-૭૬૨૦ તથા મ.સ.ઇ.દિનેશકુમાર મીઠાલાલ બ.નં.૭૬૧૧ તથા હેકો.રમેશકુમાર વશરામભાઇ બ.નં.૭૮૫૪ તથા પો.કો સંદિપકુમાર મંગાભાઇ બ.નં-૩૬૮૯ તથા પો.કો.જયેશકુમાર ભીખુભાઇ બ.નં.૮૪૮૯ તથા પો.કો.અશ્વિન નટુભાઇ બ.નં.૩૪૫૧ તથા પો.કો.હિતેન્દ્રસિંહ દેવેન્દ્રસિંહ વબ.નં.૧૩૧૫૩ તથા એલ.આર. કીરણસિહ ગોપાલસિહ બ.નં- ૧૨૪૩ નાઓ પો.સ્ટે વિસ્તારમા પેટ્રોલીગમા હતા દરમ્યાન પો.કો.સંદિપભાઇ મંગાભાઇ તથા એલ.આર.કિરણસિંહ ગોપાલસિંહ નાઓની સંયુકત બાતમી હકીકત આધારે મેઘાણીનગર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.ન.૧૦૫/૧૮ ઇ.પી.કો.કલમ ૩૮૦,૧૧૪ મુજબના ગુનાના આરોપી (૧) કરણ ઉર્ફે કન્ના અમૃતલાલ ચૌહાણ ઉવ.૨૩ રહે.કુંભાજીની ચાલી બલદેવસિંગની લાઇન રામેશ્વર બ્રિજ પાસે, મેઘાણીનગર અમદાવાદ શહેર (૨) વિવેક વિજયસિંગ ભદોરીયા ઉવ.૨૩ રહે. કુંભાજીની ચાલીનાઓ પાસેથી ચોરીએ ગયેલ (૧) જુદી જુદી કંપનીના મોબાઈલ નંગ – ૨૨ કિ.રૂ ૬૫.૦૦૦/- ની મત્તાના મુદ્દામાલ સાથે તા-૩૧/૮/૨૦૧૮ ના કલાક ૧૮/૩૦ વાગે મુદ્દામાલ સાથે પકડી પાડી સારી કામગીરી કરેલ છે. તા.૩૧/૦૮/૨૦૧૮

<u>શાહીબાગ પોલીસ સ્ટેશન</u>

મે.પોલીસ કમીશ્નર સાહેબ શ્રી તથા મે.અધિ.પો.કમિ.શ્રી, સેકટર-૨ સાહેબ શ્રી તથા ના.પો.કમી.શ્રી ઝોન-૪ સાહેબ શ્રી તથા મ.પો.કમી શ્રી 'એફ' ડીવીઝન સાહેબ ના માર્ગદર્શન હેઠળ સિનિયર પો.ઈન્સ. શ્રી એ.કે.પટેલ સાહેબની સુચના મુજબ સર્વેલન્સ સ્કોર્ડના આ.પો.સબ.ઈન્સ. ઘનશ્યામસિંહ ચંદનસિંહ બ.નં.૪૮૩૦ તથા અ.હે.કો.વિજયસિંહ હિન્દુજી બ.નં.૩૧૧૯ તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન અ.પો.કો. હિતેન્દ્રકુમાર લક્ષ્મીકાંત નાઓની ખાનગી હકીકત આધારે બે ઈસમો (૧) સન્નીકુમાર ઉર્ફે રાઘે S/O ઉલફતરામ જાતે.પ્રજાપતિ ઉ.વ.૨૩ ધંધો.નોકરી રહે-મ.નં.૫૨, દ્વારકાધીશનગર વિભાગ-૧, હાટકેશ્વર રોડ, અમરાઈવાડી, અમદાવાદ શહેર. મુળવતન; ગામ-આકોડા, તા.જી.મધ્યપ્રદેશ તથા (૨) જીતેન્દ્રકુમાર ઉર્ફે જીતુ સુશીલકુમાર ગુપ્તા ઉ.વ.૨૨ ધંધો-નોકરી,રહે-બી/૮૩૩,ઇશ્વરબાગ સોસયટી, છગનભાઇની વાડી પાછળ,પંચદેવ મંદિરની પાસે, અર્બુદાનગર, ઓઢવ, અમદાવાદ. મૂળવતન-સુરજીપુર, તા-સરેની, જી-કાનપુર,રાજ્ય-ઉતરપ્રદેશ નાઓની પુછપરછ કરતાં બંન્ને ઇસમો ગભરાતા હોય જેથી સદરી બંન્ને ઇસમોને વધુ પુછપરછ કરતા જણાવેલ કે પોતે શાહીબાગ ખાતે અસારવા અભિષેક એસ્ટેટ-૧ માં આવેલ એમાઝોન કંપનીના ડીલીવરી સ્ટેશન નોકરી કરે છે અને આ તમામ મોબાઈલ ફોન ત્યાંથી ચોરી કરેલાનું કબુલાત કરતાં હોય જે બાબતે શાહીબાગ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.ન.૨૪૯/૨૦૧૮ ઇપીકો.૩૮૧,૧૧૪ મુજબનો ગુનો દાખલ થયેલ હોય જેથી સદરી બંન્ને ઈસમો પાસેથી જુદી જુદી કંપની કુલ્લે-૦૭ મોબાઈલ ફોન જેની કિં.રૂ.૧,૪૨,૦૦૦/- નો મત્તાનો મુદ્દામાલ રીકવર કરી આજરોજ તા.૩૦/૦૮/૨૦૧૮ ના કલાક:૨૦/૧૫ વાગે અટક કરી ગુનો ડીટેક્ટ કરી સારી કામગીરી કરેલ છે.

## <u>છેલ્લા પાંચ દિવસ દરમ્યાન જુગાર રમતા ઇસમોને પકડી જુગારના સફળ કેસો</u>

## <u>શોધી પાડતી શાહપુર પોલીસ</u>

મે.પોલીસ કમિશ્નર શ્રી એ.કે.સિંઘ સાહેબ તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-01 સાહેબ તથા DCP શ્રી ઝોન-02 સાહેબ તથા ACP શ્રી "C" ડિવિઝન સાહેબ નાઓ તરફથી પ્રોહી/જુગાર જેવી અસામાજીક પ્રવુત્તિ કરતા ઇસમોની તપાસ કરી કાયદેસર કાર્યવાહી કરી આવી બદી નેસ્ત નાબુદ કરવા મળેલ સુચના આધારે સિનિયર પોલીસ ઇન્સપેકટર આર.કે.અમીન સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ PSI તથા સ્ટાફના માણસોએ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સતત પેટ્રોલીંગ કરી છેલ્લા દિન-05 માં કુલ-06 કેસો શોધી કુલ-25 આરોપીની ધરપકડ કરી કુલ-02,98,400/-નો મુદ્દામાલ પકડવામાં આવેલ છે.

| અ. | તારીખ | ગુ.નં.તથા કલમ | ગુન્હાની જગ્યા | પકડેલ આરોપી | પકડાયેલ મુદ્દામાલ |
|---|---|---|---|---|---|
| 1. | 27/8/18 | II-3223/18 જુગારધારા-4,5 | ભવાનપુરાની પોળ મકાન નં-1105/3 | 10 | રોકડ નાણા 32,070/-મોબાઇલ-05 કિં.રૂ.5500/- વાહન-02 કિં.રૂ.60,000 મળી કુલ્લે કિં.રૂ.97,570/- |
| 2. | 28/8/18 | II-3224/18 જુગારધારા-4,5 | સાંકડી શેરી ઘ.નં-3484/1 | 06 | રોકડ નાણા 5750/-મોબાઇલ-06 કિં.રૂ.6000/- વાહન-03 કિં.રૂ.60,000 મળી કુલ્લે કિં.રૂ.71,750/- |
| 3. | 29/8/18 | II-3228/18 જુગારધારા-12(A) | શાહપુર દુધવાળી પોળના નાકા આગળ જાહેરમાં | 05 | વરલી મટકા આંકડા લખેલ સટ્ટા સ્લીપ નંગ-03 તથા મોબાઇલ-01 કિં.રૂ.500/-તથા રોકડ નાણા રૂપીયા 1970/-મળી કુલ્લે કિં.રૂ.2470/- |
| 4. | 30/8/18 | II-3229/18 જુગારધારા-12(A) | શાહપુર કલ્યાણીવાડ ઉર્દુ સ્કુલની સામે જાહેરમાં | 01 | રોકડ નાણા 10,150/-તથા મોબાઇલ-01 કિં.રૂ.5000/-તથા સટ્ટા ડાયરી-01 મળી કુલ્લે કિં.રૂ.35,150/- |
| 5. | 31/8/18 | II-3230/18 જુગારધારા-12(A) | શાહપુર મિરઝાપુર મટન માર્કેટ આગળ જાહેરમાં | 01 | રોકડ નાણા 5400/-તથા મોબાઇલ-01 કિં.રૂ.500/-સટ્ટા સ્લીપ-01 તથા એક્ટીવા મળી કુલ્લે કિં.રૂ.30,900/- |
| 6. | 31/8/18 | II-3231/18 જુગારધારા-4,5 | વનમાળી વાંકાની પોળ મકાન નં-3065/3 માં | 02 | રોકડ નાણા રૂપીયા 31,060/-તથા મોબાઇલ ફોન નંગ-02 કિં.રૂ.4500/- વાહન-01 કિં.રૂ.25,000/-મળી કુલ્લે કિં.રૂ.60,560/- |

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.